## કપડવંજના મહે.એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.

**ક્રિમિનલ કેસ નંબર– 250/2026**
**આંક–**

**ફરીયાદી - શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી - અરવિંદભાઈ મોતીભાઈ ઝાલા, ઉ.વ.પુખ્ત,**
**રહે. નાનારામપુરા, તા.કપડવંજ, જી.ખેડા**

**- ગુનો-પ્રોહીબીશન એકટ કલમ-૬૫એએ**

**૧.** આ કામના આરોપી સામે આ અદાલતની હકુમતમાં તા. **૧૩-૧૨-૨૦૨૫** નારોજ **કલાક-૧૭-૪૫ વાગે** ચાર્જશીટમાં જણાવેલ **બનાવ સ્થળે** એક પ્લાસ્ટિકના ગેલનમાં **આશરે ૦૩ લીટર** દેશીદારુ **કિંમત રુપીયા-૬૦૦/-** નો વગર પાસ પરમીટનો પોતાના અંગકબજામા રાખી જાહેરમાંથી મળી આવી પકડાઈ જતાં તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરુધ્ધ હાલનું **પ્રોહીબીશન એકટ કલમ-૬૫એએ નું** ચાર્જશીટ કરેલ છે.

**૨.** આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેઓની વિનામુલ્યે પોલીસ પેપર્સની નકલો આપેલ છે બાદ આ કામે આરોપી સામે તહોમતનામું ફરમાવી, તેઓનું ગુનાનું નિવેદન લેવામાં આવેલ છે. તેમજ આરોપીએ અદાલત સમક્ષ અલગથી ગુના કબુલાત પુરસીસ આપેલ છે તે બાદ ગુના અંગે તેઓનું નિવેદન લેતાં પુછતાં આરોપી ગુનો કબુલ છે તેમ જણાવે છે તે સંજોગોમાં આરોપી વિરુધ્ધ ગુનો પુરવાર થતો હોય આરોપીને સજા અંગે સમજ કરેલ છે. આરોપીની રજુ પુરસીસની હકીકતો ધ્યાને લેતાં તેઓ ગરીબ તથા કુટુંબકબીલાવાળા હોય તેઓની જવાબદારી ધ્યાને લેતાં તેઓએ ગુના બદલ અત્રેની કોર્ટ સમક્ષ પસ્તાવો વ્યકત કરી દયા રહેમ કરવા વિનંતી ગુજારેલ છે.

**3.** હાલના કામે તપાસ કરનાર અધિકારીએ આરોપી સામે પ્રોહી.એકટ કલમ-૬૫એએ ના ગુનાનું ચાર્જશીટ કરેલ છે. જયારે હાલના કામે આરોપીની ગુના કબુલાત, સજાની જોગવાઈ કેસની હકીકતો અને સંજોગો જોતાં સદર ગુનામાં આરોપીને તકસીરવાન ઠરાવામાં આવે છે. સજાની જોગવાઈઓ જોતાં આરોપીને પુરેપુરી સજા કરવાને બદલે **નામદાર ગુજરાત હાઈકોર્ટના**

**જી.એલ.આર.૨૦૦૫, પેજ નં.૧૦૯ પરના સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવરજી હરચંદજી ઠકકરના** ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીને હળવી સજા કરવી ન્યાયી જણાય છે. આમ આરોપીએ ગુનો કબુલ કરેલ હોય તે પરત્વે સમગ્ર હકીકતો લક્ષમાં લઈ આથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**– હુકમ –**

આરોપીને બી.એન.એન.એસ. કલમ–૨૭૫ મુજબ પ્રોહીબીશન એકટ કલમ–૬૫એએ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી **રુ.૧૦૦/–(અંકે રુ.સો પુરા)** રોકડ દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે.

વધુમાં આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન–૦૨– ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

મુદામાલનો નિયમ મુજબ નિકાલ કરવો.

હુકમ આજરોજ તા.**૧૪ માર્ચ, સને ૨૦૨૬** નારોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

કપડવંજ<br>
તા.૧૪/૦૩/૨૦૨૬

(**ટી.વી.જાદવ**)<br>
એડીશનલ ચીફ જયુ.મેજીસ્ટ્રેટ<br>
કપડવંજ,કોડ નં.જીજે૦૦૬૦૨